તા.૧૯/૦૬/૨૦૨૧

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક.................

<u>૨૧ જુન વિશ્વ યોગ દિન અનુસંધાને ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા યોજાનાર</u>
<u>"યોગ એટ હોમ, યોગ વિથ ફેમીલી" અંતર્ગત ઘરેથી પરિવાર સાથે લાઈવ જોડાઈ,</u>
<u>યોગ કરીએ, સ્વસ્થ રહીએ અને કોરોનાને હરાવીએ......</u>

**<u>"Be with Yoga, Be at Home"</u>**







મેયર ડૉ.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિ પરેશભાઈ પીપળીયા, અને આરોગ્ય સમિતિ ચેરમેન ડૉ.રાજેશ્રીબેન ડોડીયા એક સયુંકત યાદીમાં જણાવે છે કે, ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સયુંકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભાને સંબોધતી વખતે માન. પ્રધાનમંત્રીશ્રીએ વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરતા તા.૧૧ ડીસેમ્બર ૨૦૧૪ના રોજ સયુંકત રાષ્ટ્ર સામાન્ય સભાએ દરખાસ્તને સંમતિ આપી ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે સ્થાપિત કરવા કરવામાં આવેલ ઠરાવ અનુસંધાને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ ઉજવવામાં આવે છે. જે ભારત માટે અત્યંત ગૌરવની વાત છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ દર વર્ષે વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે કોરોના મહામારીને કારણે જાહેર સ્થળોએ યોગા યોજી શકાય તેમ નથી જેથી રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧ જુન ૨૦૨૧, સોમવારએ સવારે ૦૭:૩૦ કલાકે દુરદર્શન ગીરનાર (ડી.ડી. ગીરનાર) ટેલીવિઝન તથા ગુજરાત બોર્ડના ઓફિશિયલ ફેસબુક પેઇઝના માધ્યમથી રાજયના તમામ નાગરિકો યોગમાં જોડાય તેવા આહવાન સાથે આયોજન કરેલ છે.

રાજકોટ શહેરના તમામ નગરજનો સવારે ૦૭:૩૦ કલાકે પોતાના ઘરેથી રાજકોટ મહાનગરપાલિકાની યુટ્યુબ લીંક https://www.youtube.com/c/RajkotMunicipalCorporation અને ફેસબુક લીંક https://www.facebook.com/RajkotMunicipalCorporation પરથી લાઈવ નિહાળી શકશું અને યોગા ટ્રેનર દ્વારા યોગા કરી શકાશે.

૨૧ જુન વિશ્વ યોગા દિને સૌ ઘરેથી પરિવાર સાથે જોડાઈએ તેવી અપીલ કરવામાં આવે છે.

(પી.એ.ટુ મેયર)